અપીલ અરજી નં.૩૯૭ તા.૧૬–૩–૦૯

અરજદારઃ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી
સામાવાળાઃ એડી.સીટી.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લિંબાયત)
ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ)

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૧/૨૩–૧–૦૯ ની અરજીથી તા.૬–૧૨–૦૮ ના રોજ ગેરકાયદેસરનું બાંધકામ દુર કરવા આપેલ અરજી મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૩–'૦૯ ની અપીલ અરજી નં.૩૯૭ /૨૦૦૮–૦૯

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૧–૧–૦૯ ની અરજીથી તા.૬–૧૨–૦૮ ના રોજ ગેરકાયદેસરનું બાંધકામ દુર કરવા આપેલઅરજી મુદ્દા નં.૧ થી ૪ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી નિયત સમયમર્યાદામાં પ્રત્યુત્તર ન પાઠવેલ હોવાનું તથા ડે.કમિશ્નર (હે અને હો) અને જાહેર માહિતી અધિકારી લિંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૨૧૯ તા.૩–૩–૦૯થી આપેલ માહિતીમાં મુદ્દા નં.૧ ની માહિતી તબદીલ થયેલ છે તેની માહિતી મળેલ નથી તથા મુદ્દા નં.૩ અને મુદ્દા નં.૪ ની માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેની નકલ સામેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા નં. આર.ટી.આઈ.સેલ/૧૨૬૦ તા.૨૧/૩/૦૯ થી ડે.કમિશ્નર(હે એન્ડ હો) અને જાહેર માહિતી અધિકારી (લિંબાયત ઝોન) તથા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી(મધ્યસ્થ શહેર વિકાસ) તથા અરજદારને અપીલ અંગે નિયત ફોર્મ અપીલના આધાર સહિત રજુ કરવા જણાવેલ જેના અનુસંધાને ડે.કમિશ્નર(હે એન્ડ હો ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન (લિંબાયત) આ.નં./આર.ટી.આઈ/૪૫૯૩ તા.૩૦/૩/૦૯ થી તથા નગર નિયોજક (શહેર વિકાસ) ખાતું અને મ.જાહેર માહિતી અધિકારી કક્ષાએ થી નં.ટી.ડી.ઓ /૫૧૩૮ તા.૨૭/૩/૦૯ થી અત્રેના વિભાગને પુરક માહિતી મળેલ છે. તથા અરજદાર તરફથી તા.૨૬/૩/૦૯ ના રોજ અત્રેના વિભાગને અપીલ ફોર્મ ભરીને મળેલ છે.

અરજદારે તા.૨૧/૧/૦૯ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ મુજબ મધ્યસ્થ કચેરી મ્યુનિસીપલ કમિશ્નરની ઓફિસ ખાતે કોર્ટ ફી સ્ટેમ્પ સાથે તા.૬/૧૨/૦૮ના રોજ કરેલ સાદી અરજી કરેલ તેની કાર્યવાહી અંગેની માંગણી કરવામાં આવેલ જે અંગે લિંબાયત ઝોન તરફથી નં.સા.ઈ.ઝોન(મહેકમ)/૩૭૮૧ તા.૨૯/૧/૦૯ થી અરજી ફી ભરપાઈ કરવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને રસીદ નં.૨૮૨૬ તા.૬/૨/૦૯ના રોજ અરજી ફી ભરપાઈ કરેલ છે. જેના અનુસંધાને લિંબાયત ઝોન તરફથી સા.ઈ.ઝોન /૫૦૨૯ તા.૧૯/૧૨/૦૮ થી સાદી અરજી કાર્યવાહી અર્થે ટાઉન પ્લાનરશ્રી અને મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને પત્ર પાઠવવામાં આવે ત્યારબાદ સા.ઈ.ઝોન/લિંબાયત/૪૨૧૧ તા.૨/૩/૦૯ થી ટાઉન પ્લાનરશ્રી અને મધ્યસ્થ શહેર વિકાસને અરજી તબદીલ કરવામાં આવેલ જે અંગે તેઓ તરફથી નં.ટી.ડી.ઓ./૫૦૮૬ તા.૨૦/૩/૦૯ થી સદર અરજી તા.૧૫–૧૨–૦૮ થી લીંબાયતઝોન કચેરીમાં મોકલવામાં આવેલ છે. જેથી સદર બાબતે કાર્યવાહી ઝોન કચેરીએથી કરવામાં આવતી હોય તે મુજબ ઝોન કચેરીને જણાવવામાં આવેલ છે. તેવી માહિતી અરજદારને આપવામાં આવેલ છે. ડે.કમિશ્નર(હે અને હો) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઈ.ઝોન/લિંબાયત/મહેકમ/ ૪૨૧૯ તા.૩/૩/૦૯ થી અરજદારને સમય મર્યાદામાં માહિતી પુરી પાડવામાં આવેલ છે. પૂરી પાડેલ માહિતીની વિગત અનુસાર મુદ્દા નં.૧ અંગે તા.૨–૩–૦૯ ના રોજ અરજી ટાઉન પ્લાનરશ્રીને તબદીલ કરવામાં આવેલ હોવાનું, મુદ્દા નં.૨ અંગે પ્રશ્નો હેઠળનો રેકર્ડ ઉપલબ્ધ નહી હોવાનું, મુદ્દા નં.૩ અંગે નિર્દિષ્ટ સોસાયટીમાં જણાવ્યા પ્રકારના જાજરૂ ગલીમાં ટોયલેટ,દાદર,ઓટલા વિગેરે બાંધકામ સ્થાનિક રહીશો મિલ્કતદારો તરફથી કરવામાં આવેલ હોવાનું તથા સદર સોસાયટી બાંધકામ તથા લે આઉટ પ્લાન અત્રેની કચેરીમાં મંજુર થયેલ નહીં હોવાથી સીઓપીની જગ્યા સ્પષ્ટ થતી નહીં હોવાનું તેમજ સીતારામનગરની રોડ અને રેલ્વેની જગ્યામાં મોટી દિવાલ ચણી દેવા બાબતે ફા.પ્લોટની હદ રેખા પર પ્રોટેકશન વોલ બનાવવામાં આવેલ હોવાની માહિતી પૂરી પાડવામાં આવેલ. ત્યાર બાદ ડે.કમિશ્નર (હે. અને હો.) અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૩૦–૩–૦૯ ના પત્ર નં.૪૫૯૨ થી અરજદારને અપીલ પશ્ચાત પૂરક માહિતી પણ પૂરી પાડવામાં આવેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ અંગે રામાયણપાર્કના પ્લાનો તા.૩૧–૩–૨૦૦૦થી મંજુર કરવામાં આવેલ હોવાનું તથા તા.૨૪–૧૧–૨૦૦૦ રીવાઈઝ પ્લાન મંજુર કરેલ હોવાનું તથા બીલ્ડીંગ નં.એ–૪ ના પાર્કીગમાં બનેલ ફલેટના બાંધકામ પ્લાન વિરુધ્ધના હોવાની માહિતી આપેલ છે. મુદ્દા નં.૩ અંગે પૂરક માહિતીમાં આ સોસાયટીના બાંધકામ પ્લાનો સરકારી અધિકૃત કચેરી મારફત મંજુર થયેલ નહીં હોવાનું તેમજ સદર જગ્યામાં ચર્ચ તથા સીઓપી સહિતના બાંધકામો ગેરકાયદેસર હોવાની માહિતી પૂરી પાડેલ છે. તે મુજબ મુદ્દા નં.૪ અંગે પણ સોસાયટીના રહીશોએ જ પ્રોટેકશન વોલ બનાવ્યાની માહિતી આપેલ છે.

અરજદારે અપીલ અરજીમાં સા.ઈ.ઝોન /૫૦૨૯ તા.૧૯/૧૨/૦૮ થી સાદી અરજી કાર્યવાહી અર્થે ટાઉન પ્લાનરશ્રી અને મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને પત્ર પાઠવવામાં આવે ત્યારબાદ સા.ઈ.ઝોન/લિંબાયત/૪૨૧૧ તા.૨/૩/૦૯ થી ટાઉન પ્લાનરશ્રી અને મધ્યસ્થ શહેર વિકાસને અરજી તબદીલ કરવામાં આવેલ છે. તેની માહિતી નં.ટી.ડી.ઓ./૫૦૮૬ તા.૨૦/૩/૦૯ થી સદર કાર્યવાહી ઝોન કચેરી ખાતે થી કરવામાં આવેલ છે. જે અરજદારની જાણ હેઠળ પુરી પડાયેલ છે. અરજદારે તેમની મૂળ અરજીમાં તા.૬/૧૨/૦૮ ની અરજી અંગે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ છે. જયારે અપીલ અરજીમાં અરજદારે મુળ અરજીથી ગેરકાયદેસર બાંધકામ તોડવા અંગે અલાયદા પુરક પશ્નો ઉપસ્થિત કરી અરજદારે અપીલ અરજીના મુદ્દા નં.૨ માં નવાગામ, સીતારામ નગર ગેરકાયદેસર બાંધકામો અને મુદ્દા નં.૩ અંગે ખોટી હકીકત અને ગેરમાર્ગે દોરનારી રજુઆત કરી અપીલ અરજી પાશ્ચાત તા.૨૧ /૩/૦૯ સંદર્ભે પણ કોઈ આધાર પુરાવા રજુ કરેલ નથી.

પા૭ળ

અરજદારે તેમની મૂળ અરજીથી તા.૬–૧૨–૦૮ ની મ્યુ.કમિશનરશ્રીને આપેલ અરજી અંગે શું કાર્યવાહી કરવામાં આવી તથા અરજીમાં જણાવેલ ઈમારતો ન તોડવા પાછળનું કારણની માહિતી માંગેલ છે. સમગ્ર હકીકત ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી બંને તબકકાના માહિતી પત્રો ધ્વારા અરજદારે માંગેલ મુળ માહિતી શું કાર્યવાહી કરવામાં આવી તથા નહીં તોડવા માટેના કારણ મુદ્દા નં.૧, મુદ્દા નં.૩ અંગે પૂરા પાડેલ જણાતા નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નહીં પૂરી પડાયેલ ઉપરોકત મુદ્દા નં.૧ અને ૩ ની દફતરી હકીકતલક્ષી માહિતી દિન–૭ માં આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.*કમિશનર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,(લિંબાયત ઝોન), ડાયરેકટર ઓફ પ્લાનીંગ (મધ્યસ્થ શહેર વિકાસ) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી,